

(તસવીર : દિપક જાની)

મંગલ પ્રારંભ - નવરાત્રિ ઉત્સવનો મંગલ પ્રારંભ ગરબા પ્રેમીઓએ ઉલ્લાસ પૂર્વક ગરબા ગાઈને કર્યો હતો. ગાંધીનગર કલ્ચરલ ફોરમના આંગણે ગાંધીનગરના ખેલૈયાઓએ મોટી સંખ્યામાં ગરબાની અવનવી શૈલી પ્રસ્તુત કરી પ્રથમ દિવસે જ જાણે આક્રમકતાથી ગરબા આરંભાયા હોય એવો માહોલ દેખાતો હતો. સાડા અગિયાર મહિનાની રોહ જોયા પછી નવરાત્રિનું પર્વ આવે એટલે આનંદ-ઉલ્લાસની અભિવ્યક્તિ કરવા માટે તત્પરતા પણ હોય એમ વર્તાતું હતું. તાલ-લય અને અવનવી લચક સાથે ગરબા જોવા અને ગાવા એ ગુજરાતીઓનું સદ્દભાગ્ય છે... આવો વિશ્વના સૌથી લાંબા નૃત્યોત્સવમાં જોડાઈએ... ગુજરાતની ઓળખને વધુ ઉજ્જવળ બનાવીએ...

# અષ્ટ સિદ્ધિ અને નવ નિધિની દાતા માઁ જગદંબાનું આજે ત્રીજુ નોરતું

## ત્રીજા નોરતે ચંદ્રઘટા માતાજીનું પૂજન થાય છે, નવ દિવસ કુમારિકાનું પૂજન દુઃખ, દરિદ્રતા દૂર કરે છે

ગાંધીનગર, તા. ૨૬

જગત જનની માઁ ભગવતી જગદંબાની અસીમ કૃપા પ્રાપ્ત કરવા માટેનું મંગલ પર્વ નવરાત્રી આજે માતાજીના ત્રીજા સ્વરૂપના દર્શન આપશે. હરખના હિલોળે, અનુષ્ઠાન, તપ, જપ અને વ્રતના ધાર્મિક મહત્વ અને શ્રદ્ધા સાથે નવરાત્રી રંગેચંગે ઉજવાઈ રહી છે. પ્રથમ નોરતે શૈલપુત્રી અને બીજા નોરતે બ્રહ્મચારિણીનું પૂર્ણ શ્રદ્ધા અને વિધિપૂર્વક આહવાન સાથે પૂજન અર્ચન થયું. માઁ ના અપાર હેતથી ભક્તો તેના પૂજન અર્ચન અને ગરબે ઘુમી આ અતિ તેજસ્વી પર્વની હર્ષોલ્લાસ થકી ઉજવણી કરી રહ્યા છે.

**નવરાત્રિ કાઉન્ટ-ડાઉન**

અષ્ટ સિધ્ધિ અને નવનિધિની દાતા શક્તિ સ્વરૂપ જગદંબાના બીજા સ્વરૂપ બ્રહ્મચારિણીનું વિધિપૂર્વક પૂજન અર્ચન કરી ભક્તોએ બીજુ નોરતુ ઉજવ્યુ છે જેમાં માતાજીને પ્રસાદમાં સાકર




ચઢાવવાનું વિશેષ વિધાન હોવાથી પંડિતો દ્વારા માતાજીને સાકર ધરાવી આયુષ્યમાં વૃધ્ધિના આશીર્વાદ પ્રાપ્ત કર્યા છે. સર્વલોક ઉપરની સર્વ શક્તિમાન આદ્યશક્તિ જગદંબાના આ નોરતે સો કોઈ ગરબે ઘુમી પર્વનો આનંદ લઈ રહ્યા છે.

આજે માતાજીના ત્રીજા સ્વરૂપ ચંદ્ર ઘટાનું પૂજન-અર્ચન કરવામાં આવશે. દસ ભૂજા ધારી માતાજી પ્રસન્ન મુદ્રામાં બિરાજમાન હોય છે. દસ હાથ અને ત્રણ આંખ ધારી માતાજીના આઠ હાથમાં શસ્ત્ર છે અને બે હાથથી માતાજી આશીર્વાદ પ્રદાન કરે છે. માતાજીના આ સ્વરૂપની પૂજા કાંચીપૂરમમાં થાય છે. શરીરનો રંગ સોના જેવો ચમકીલો છે અને સિંહ માતાજીનું વાહન છે. આ પવિત્ર દિવસે મહિલાઓને ઘરે બોલાવી સન્માનપૂર્વક ભોજન કરાવવું જોઈએ અને કળશ અથવા મંદિરનો ઘંટ ભેટ સ્વરૂપે પ્રદાન કરવો જોઈએ તેવો વિશેષ મહિમા છે. માતાજીની પૂજાથી ભક્તોને પાપોથી મુક્ત કરે છે અને બળપ્રદાન કરે છે. તેમજ સ્વરમાં અલૌકિક દિવ્ય મધુરતા આવે છે. પ્રસાદમાં ગાયનું દૂધ ધરાવવાનું વિધાન છે જેથી તમામ દુઃખોમાંથી મુક્ત થવાય છે.

મહાકાલી, મહાલક્ષ્મી અને મહાસરસ્વતીના નવરાત્રીના નવ સ્વરૂપનું નવ દિવસ દરમ્યાન અલગ અલગ પૂજન, પ્રસાદ અને મહત્વતા છે. માતાજીના આ નવસ્વરૂપોની પૂજા અર્ચનાનો નવરાત્રી દરમ્યાન એક લહાવો છે જે દરેક મનુષ્યજીવે લેવો જોઈએ અને માતાજીની અપાર કૃપા થકી અનેક કષ્ટોમાંથી મુક્તી મેળવી વંશની વૃદ્ધિ સાથે પેઢીઓ પણ સુખ-સંપતિ અને આયુષ્ય પ્રાપ્ત કરે છે.

## બેસણું



અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા પિતાશ્રી **હર્ષદરાય ચુનીલાલ પંડ્યા** (નિવૃત્ત ટેકનિકલ સુપરવાઈઝર, બી.એસ.એન.એલ., ગાંધીનગર) તા. ૨૪/૯/૨૦૧૪ના રોજ દેવલોક પામ્યા છે. **સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૮/૯/૨૦૧૪, રવિવારે સવારના ૯-૦૦ થી ૧૨-૦૦ કલાક** દરમિયાન અમારા નિવાસસ્થાન ખાતે રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૪૪૯/૨, સેક્ટર-૩સી, રામેશ્વર મહાદેવ નજીક, ગાંધીનગર

લી.

**ગં.સ્વ. સુશીલાબેન એચ. પંડ્યા** — **શેતલ એચ. પંડ્યા** (પૂ.મુ.મંત્રીશ્રી કેશુભાઈ પટેલના પી.એ.)
**ડો. અતુલ એચ. પંડ્યા** — **ભૂમિ શેતલ પંડ્યા**
**મીના અતુલ પંડ્યા** — **પરાગી કિલ્લોલ પંડ્યા (પુત્રી)**
**તૃપ્તિ ચેતન પૂજારા (પુત્રી)** — **કિલ્લોલ બી. પંડ્યા** (મ્યુનિ. કોર્પોરેટર, ગાંધીનગર)
**ચેતન એલ. પૂજારા**

# સેક્ટરોમાં બંધ શૌચાલયોના તાળા ખુલશે : કોર્પોરેશને જવાબદારી સ્વીકારી

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં લાંબા સમયથી બંધ શૌચાલયોના હજુ તાળા ખુલ્યા નથી. માર્ગ-મકાન વિભાગ દ્વારા લાખોના ખર્ચે નિર્માણ કરાયેલા શૌચાલયોનો મામલો વર્ષોથી વિભાગો વચ્ચે અટવાયેલો છે. આખરે આ શૌચાલયોની જાળવણી કોર્પોરેશનને સોંપવામાં આવતા ટુંકમાં ખંડેર બનતા ટોઈલેટ બ્લોક લોકઉપયોગી બનશે.

શહેરમાં ખાડે ગયેલી સફાઈ વ્યવસ્થા વચ્ચે ગંદકીનો પ્રશ્ન જટીલ બન્યો છે. જ્યારે આ મામલે બંધ શૌચાલયોના લીધે પણ જાહેર સ્થળોએ ગંદકીના લીધે નાગરિકોને ગુંગળામણ થાય તેવી સ્થિતિ સર્જાઈ છે. આવા સંજોગોમાં શહેરમાં લાખોના ખર્ચે બનાવાયેલા બંધ શૌચાલયો પણ વર્ષોના અંતે લોકઉપયોગી ન બનતા સ્થાનિક રહીશોમાં પ્રબળ રોષ પ્રવર્ત્યો છે. માર્ગ મકાન વિભાગ દ્વારા અગાઉ શહેરના વિવિધ ૭ ઠેકાણે નવા ટોઈલેટ બ્લોકનું નિર્માણ કરવામાં આવ્યું હતું. પરંતુ લાખોના ખર્ચે બનાવાયેલા શૌચાલયોની ફાળવણીની જવાબદારી સ્વીકારવાના મામલે એક વિભાગ બીજા વિભાગને ખો આપતા વર્ષોના અંતે પણ શૌચાલયો લોકઉપયોગી બની શક્યા નથી. જ્યારે અગાઉ આ મામલે ગુડાએ જવાબદારી સ્વીકારવાની તૈયારી દર્શાવતા તંત્ર દ્વારા પાણીની સુવિધા પુરી પાડવા જરૂરી પાઈપલાઈનનું કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું. પરંતુ શૌચાલય શરૂ કરવાના મામલે કોઈ ઠેકાણુ પડ્યું ન હતુ. જ્યારે આ અંગે શહેર વસાહત મહામંડળ દ્વારા માહિતી આયોગને પણ રજૂઆત કરવામાં આવી હતી. જેના અંતે આ શૌચાલયની જવાબદારી કોર્પોરેશનને સોંપવા આદેશ કરાયો હતો. જ્યારે હવે આગામી દિવસોમાં કોર્પોરેશન શૌચાલયની જવાબદારી સ્વીકારી લેશે.

## બેસણું



ચિલોડા (ડભોડા) ગામના વતની અને જાણીતા સરકારી અગ્રણી મધુર ડેરીના પૂર્વ ડિરેક્ટર તથા ડૉ. ચિંતન પટેલના પિતાશ્રી પ્રવિણભાઈ ફુલાભાઈ પટેલનું દુઃખદ અવસાન તા. ૨૬-૯-૨૦૧૪ના રોજ થયેલ છે. સદ્દગતનું બેસણું તા. ૨૮-૯-૨૦૧૪ ને રવિવારના રોજ સવારે ૮ થી ૧૧ કલાક સુધી નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : ઉમિયાનગર ચિલોડા- ઈસનપુર રોડ, મુ. ચિલોડા, તા.જી. ગાંધીનગર.**

લિ.

**ડો. ચિંતન પ્રવિણભાઈ પટેલ (પુત્ર)**
**શ્રી રમણભાઈ ફુલાભાઈ પટેલ (ભાઈ)**
**શ્રી શંકરભાઈ ફુલાભાઈ પટેલ (ભાઈ)**
**શ્રી ભદ્રેશભાઈ ગોવિંદભાઈ પટેલ (ભત્રીજા)**

# સિવિલના ત્રીજા માળેથી છલાંગ લગાવીને દર્દીએ આપઘાત કર્યો

## મેલેરીયાના દર્દીએ પુરૂષ મેડીકલ વોર્ડના બાથરૂમની વેન્ટીલેશન બારી તોડીને પડતુ મુક્યુ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ગઈકાલે પુરૂષ મેડીકલ વોર્ડમાં દાખલ થયેલા ૨૦ વર્ષિય મેલેરીયાના દર્દીએ આજે બપોરના અરસામાં હોસ્પિટલના ત્રીજે માળથી મોતની છલાંગ લગાવી લીધી હતી. ત્રીજા માળે સ્થિત વોર્ડના બાથરૂમની વેન્ટીલેશન બારી તોડીને યુવાન દર્દીએ પડતુ મુકી આપઘાત કરી લેતા હોસ્પિટલ કમ્પાઉન્ડમાં સન્નાટો મચી ગયો હતો. સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ કલોલ તાલુકાના સાંતેજ ગામે રામાપીર સોસાયટીમાં રહેતો અને ખાનગી કંપનીમાં નોકરી કરતો ૨૦ વર્ષિય યુવાન નિર્મળ કાનાજી ઠાકોર બિમાર થતા ગઈકાલે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે દાખલ થયો હતો. મેલેરીયા ટેસ્ટ પણ તેનો પોઝીટીવ આવ્યો હતો. હોસ્પિટલના ત્રીજા માળે સ્થિત પુરૂષ મેડીકલ વોર્ડમાં દાખલ આ દર્દી આજે બપોરના અરસામાં અચાનક બેડ પરથી ઉભો થઈને બાથરૂમમાં ગયો અને વેન્ટીલેશન બારીનો કાચ તોડીને તેણે ત્રીજે માળેથી નીચે છલાંગ મારી દીધી હતી. આપઘાતનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. જો કે મગજમાં તાવ ચઢી ગયો હોવાની દર્દીએ આ પગલુ ભરી લીધુ હોવાની ચર્ચા ચાલતી રહી હતી. સે. ૭ પોલીસે મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે લી જઈ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ આરંભી છે.



ગાંધીનગરમાં વિશ્વવિદ્યાલયોના કુલપતિઓની સંગોષ્ઠિમાં સંબોધન કરી રહેલા કેન્દ્રીય માનવ સંશાધન મંત્રી શ્રીમતી સ્મૃતિ ઈરાનીએ શિક્ષણના ક્ષેત્રમાં કેન્દ્ર સરકારે લીધેલા પગલાઓની વિગતો આપી હતી. રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાષ્ટ્રના નિર્માણ વિશ્વવિદ્યાલયોની ભૂમિકા પર ભાર મૂક્યો હતો. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, રાજ્યમંત્રી વસુબેન ત્રિવેદી સહિત અનેક ઉપકુલપતિઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

## જાહેર નોટીસ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ સબ ડીસ્ટ્રીક્ટ ગાંધીનગરના તાલુકે ગાંધીનગરના ગાંધીનગર ટાઉનશીપના સેક્ટર - ૧૯ ના પ્લોટ પૈકી પ્લોટ ના-૯૦ ની આશરે ૧૧૨૦-૧૮ સમ ચો.મીટરના પ્લોટ એરીયા તથા તેમાં આવેલ બંગલાના બાંધકામ સહિતની મીલકત પ્રજ્ઞાબેન વિનોદચંદ્ર જોશીએ પોતાની કુલ સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાની કોઈના કોઈપણ પ્રકારના બોજા રહિત હોવાનુ જણાવી બજાજ ફાઈનાન્સ લી. પોસેથી લીધેલ લોનની સામે સદરહુ મીલકત અંગે એક મોર્ગેજ ડીડ તા. ૩૦/૦૫/૨૦૧૨ ના રોજ બજાજ ફાઈનાન્સ લી.ને લખી આપી સબરજીસ્ટ્રાર સાહેબ ગાંધીનગરની કચેરીએ અનુક્રમ નં ૭૨૩૭ થી તેજ દિવસે નોંધાયેલ છે એ રીતે સદરહુ મીલકત ઉપર બજાજ ફાઈનાન્સ લી. નો ગીરો, બોજાનો હક્ક છે આથી સદરહુ મીલકત અંગે બજાજ ફાઈનાન્સ લી. ની પરવાનગી વગર કોઈપણ વ્યક્તિએ કોઈપણ પ્રકારનો નાણાંકીય વ્યવહાર કરવો નહી અને કરશે તો તે બજાજ ફાઈનાન્સ લી.ના બોજાને આધિન રહેશે અને તેની સંપુર્ણ જવાબદારી વ્યવહાર કરનારની રહેશે.

તારીખ :- ૨૫/૦૯/૨૦૧૪
બજાજ ફાઈનાન્સ લી.
સરનામુ :- મુંબઈ-પુના રોડ, આકુર્દી, પુના-૪૧૧૦૩૫.
અમદાવાદ ઓફીસ :-
ત્રીજો માળ, ટરકીસ બિલ્ડીંગ, પંચવટી પાંચ રસ્તા, સી.જી.રોડ, અમદાવાદ
બજાજ ફાઈનાન્સ લી. ની સુચનાથી
જી. એ મેમન એડવોકેટ મારફત

# સીટી પલ્સ પાસેથી ૧૭ વર્ષના કિશોરનું અપહરણ

## સે. ૪-સી ના કિશોરનો બે દિવસથી પત્તો નથી : ઈન્ફોસિટી પોલીસ દોડતી થઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૪-સી માં રહેતા ૧૭ વર્ષના કિશોરનું ગાંધીનગર કોબા રોડ પર સ્થિત સીટી પલ્સ થિયેટર નજીકથી અપહરણ થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ૧૭ વર્ષિય કિશોરના પિતાની ફરિયાદને આધારે ઈન્ફોસિટી પોલીસે અપહરણનો ગુનો દાખલ કરીને શોધખોળ શરૂ કરી છે. જો કે બે દિવસ બાદ પણ તેનો કોઈ પત્તો લાગ્યો નથી.

સેક્ટર-૪-સી માં રહેતા રાયમલભાઈ ઉર્ફે ગફુરભાઈ વાલજીભાઈ દેસાઈ મુળ પાલુન્દ્રા ગામનો છે. તેમણે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરીયાદ મુજબ તેમનો ૧૭ વર્ષનો દિકરો મહિપાલ દેસાઈનું ૨૪ સપ્ટેમ્બરના રોજ સાંજે પોણા સાત વાગ્યાના અરસા પહેલા સીટી પલ્સ થિયેટર પાસેથી કોઈ અજાણ્યા શખ્સો દ્વારા અપહરણ થઈ જવા પામ્યું છે. અપહ્યુત કિશોરના પિતાની ફરીયાદને આધારે ઈન્ફોસિટી પોલીસે ગુનો દાખલ કરીને પી.આઈ. વાય.એમ. મિશ્રાએ ઊંડી તપાસ શરૂ કરી છે. જો કે હજુ સુધી અપહ્યુત કે અપહરણકારોનો પત્તો મળ્યો નથી.


Y.A. MANSURI
M. : 9824049503

SANJAY S. SHAH
P. Manubhai Medical

Since 1986
अभय
Government Approved Contractor

• Corporate Gathering • Celebrations • Exhibitions
• Marriage • Reception • Parties • Seminars

ABHAY DECORATORS
FEEL FREE. BE FEARLESS


CORRESPONDENCE OFFICE
Plot No. E-192, 193, 194,
B/h. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com, www.abhaydecorators.com








શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.




ashirvad
C. PVC, UPVC




BENELAVE
BATH FITTINGS
DR. FIXIT
FOR HEALTHY CONSTRUCTION
TATA
STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com